**ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૦૧૧૨૪૦૨૫૭/૨૦૨૪ નાં કામે અરજદાર/ આરોપી મહેશદાન પ્રભુદાન લાંગા નાંઓની જામીન અરજી તળે હુકમ.**

..........................................................................................

(૧) આ કામનાં અરજદાર/આરોપીની જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. બચાવ પક્ષે વિ.વકીલશ્રી તથા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ત.ક.અ.શ્રીએ જામીન અરજી સામે રજુ રાખેલ વાંધા વંચાણે લીધા. આ કામનાં અરજદાર/આરોપી સામે **ઈ.પી.કોડની કલમ–૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ (બી)** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે.

(૨) બચાવપક્ષે વિ.વકીલશ્રીની એવી દલીલ છે કે, આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપી તદન નિદોર્ષ છે. અરજદાર/આરોપીને સાહેદનાં સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ નિવેદનનાં આધારે નામ ખુલતા અટક કરવામા આવેલ છે. એફ.આઈ.આર.માં આરોપીનું નામ નથી. આરોપીએ ટેક્ષ ક્રેડીટ લઈ સરકારશ્રીને કોઈ નુકશાન કરેલ નથી. અરજદાર/આરોપીએ જે કોઈ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવેલ તે કોર્ટમાં ભરવા તૈયાર છે. અરજદાર/આરોપી સામે કોઈ પુરાવો નથી. અરજદાર/આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪ મુજબનો કોઈ ગુનો બનતો નથી. ફરીયાદીશ્રીએ ૧૭ માસ બાદ મોડી ફરીયાદ દાખલ કરેલ છે. સદર ગુનાના કામે ત.ક.અ.શ્રીનાં કથન મુજબ આરોપી પાસ ેથી રૂા.૨૦,૦૦,૦૦૦/– કબજે લીધેલ છે. પરંતુ ત.ક.અ.શ્રીના તા.૦૭/૧૦/૨૪ ના સીઝર મેમોમાં આવી કોઈ રકમ દર્શાવેલ નથી જે શંકાસ્પદ જણાય છે. સદરહું ગુનાના કામે તમામ રીકવરી થઈ ગયેલ છે. તપાસ પણ પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામા ટ્રાયલ ચલાવવાની તથા જામીન મુકત કરવાની સત્તા અત્રેની કોર્ટને રહેલ છે. અરજદાર/ આરોપી ન્યુઝ પેપરનાં એડીટર હોય કયાંય નાશી ભાગી જાય તેવા નથી. તેમજ ટ્રાયલ ચાલતા દરમ્યાન નામ.સાહેબશ્રીની કોર્ટમાં હાજર રહેશે. આરોપી સામે આક્ષેપાયેલ ગુનામાં અત્રેની અદાલતને જામીન મુકત કરવાની સત્તા છે. નામ.અદાલત જે કોઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતો પાલન કરવા રાજીખુશી હોય હાલની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓની દલીલનાં સમર્થનમાં નામ. મધ્યપ્રદેશ હાઈકોર્ટના દિપક સીંઘલ વિ. યુનીયનય ઓફ ઈન્ડીયા અને બીજાઓ, રીટ પીટીશન નં.૨૧૬૪૧/૨૪, તા.૧૧

/૦૯/૨૦૨૪ ચુકાદા પર આધાર રાખેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય રીતે ગુનો બને છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામાં દશ વર્ષથી લઈ આજીવન કેદ સુધી સજાની જોગવાઈ છે. તપાસ હાલ ચાલુ છે. આ કામના આરોપી મહેશદાન પ્રભુદાન લાંગાએ સહ આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી ઈન્કમટેક્ષ તથા જી.એસ.ટી. બચાવવા સારુ ધૃવિ એન્ટરપ્રાઈઝ નાં સંચાલક તરીકે કરેલ ધૃવી એન્ટરપ્રાઈઝ નામની પેઢી સાથે જી.એસ.ટી. સાથે રૂ.૪૩,૩૫,૯૪૯/- નો નાણાંકીય વ્યવહાર કરી, બોગસ ઈનપુટ ક્રે ડીટ મેળવી રાષ્ટ્રની કરોડો રૂપિયાની આવકને નુકશાન પહોંચાડી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના આરોપી પોતે પ્રતિષ્ઠીત પત્રકાર હોવા છતાં પોતાના આર્થિક ફાયદા સારુ બનાવટી ધૃવિ એન્ટપ્રાઈઝ પેઢીના નામનાં બનાવટી બીલો મેળવી તેની સાથે નાણાંકીય વ્યવહાર કરી ટેક્ષ ચોરી કકરેલ છે.જેઓના ઘરેથી જડતી દરમ્યાન રોકડા નાણાં રૂ.૨૦,૦૦,૦૦૦/- મળી આવેલ છે. આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નિશ્ચીતપણે પુરાવા સાથે ચેડા કરે તેમ છે. જે તમામ હકીકત ધ્યાને લઈ હાલની જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆતો તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામનાં અરજદાર/આરોપી સામે **ઈ.પી.કોડની કલમ-૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ (બી)** મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે. જેમા દશ વર્ષથી લઈ આજીવન કેદ સુધી સજાની જોગવાઈ છે. કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા વંચાણે લેતા આ કામના આરોપી મહેશદાન પ્રભુદાન લાંગાએ સહ આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી ઈન્કમટેક્ષ તથા જી.એસ.ટી. બચાવવા સારુ ધૃવિ એન્ટરપ્રાઈઝ નાં સંચાલક તરીકે કરેલ ધૃવી એન્ટરપ્રાઈઝ નામની પેઢી સાથે જી.એસ.ટી. સાથે રૂ.૪૩,૩૫,૯૪૯/- નો નાણાંકીય વ્યવહાર કરી, બોગસ ઈનપુટ ક્રેડીટ મેળવી રાષ્ટ્રની કરોડો રૂપિયાની આવકને નુકશાન પહોંચાડી ગંભીર પ્ર કારનો ગુનો કરેલ હોવાનું જણાય આવે છે. તેમજ આરોપીએ પોતાના આર્થિક ફાયદા માટે તેમજ ટેક્ષની ચોરી કરી સરકારશ્રીને નુકશાન પહોંચાડવાના ઈરાદે '' ડી.એ. એન્ટરપ્રાઈઝ '' નામની પેઢ ીમાં પોતાની પત્નિ કવીતાબેન લાંગાને ભાગીદાર બનાવી તે પેઢીનું સંચાલન જાતે કરી આ કામના સહ આરોપીઓ સાથે મળી બનાવટી પેઢી '' ધૃવિ એન્ટરપ્રાઈઝ '' સાથે નાણાંકીય વ્યવહારો કરેલ હોવાનું પણ તપાસ દરમ્યાન જણાય આવેલ છે. વધુમા આ કામના આરોપી પોતે

પ્રતિષ્ઠિત પત્રકાર હોવા છતાં પોતાના આર્થિક ફાયદા સારુ બનાવટી ધ્રૃવિ એન્ટપ્રાઈઝ પેઢીના નામનાં બનાવટી બીલો મેળવી તેની સાથે નાણાંકીય વ્યવહાર કરી ટેક્ષ ચોરી કરેલ છે.જેઓના ઘરેથી જડતી દરમ્યાન રોકડા નાણાં રૂા.૨૦,૦૦,૦૦૦/- મળી આવેલ છે જે ત.ક.અ.શ્રીએ પંચનામાની વિગતે કબજે લીધેલ છે. અરજદાર/આરોપીનાં ઘરેથી જડતી દરમ્યાન કેટલાક ગુપ્ત દસ્તાવેજો મળી આવેલ છે જે દસ્તાવેજો સંબધે હાલ તપાસ ચાલુ છે. આ કામે ફરીયાદ વંચાણે લેતા સદર ફરીયાદ હિમાંશુ જોષી સીનીયર ઈન્ટેલીજન્સ ઓફીસર્સ ડી.જી.જી.આઈ., અમદાવાદ યુનીટનાંઓએ દાખલ કરેલ હોવાનુ જણાય આવે છે. એફ.આઈ.આર. વંચાણે લેતા તેમા સ્પષ્ટ જણાવેલ છે કે, " This analysis of data of supplier firms of 12 recipient firms of M/s Dhruvi Enterprise suggested further availment of suspicious inward ITC by these 12 recipient firms from other active GST registrations. It was also revealed that these 12 recipient firms of M/s Dhruvi Enterprise had also availed ITC from cancelled firms after their cancellation as well. " વધુમાં આરોપી તરફે વિ.વકિલશ્રીની દલીલ કે, આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪ મુજબનો કોઈ ગુનો બનતો નથી. પરંતુ હાલનાં તબકકે અત્રેની કોર્ટે આરોપીની જામીન અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો છે. જેથી આરોપી વિરુધ્ધ હાલના તબકકે કયો ગુનો બને છે તે બાબતે વિગતવાર કારણો આપવા ઉચિત જણાતુ નથી. નામ. સુપ્રિમ કોર્ટે પણ દિપકસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અને બીજાઓ એ.આઈ.આર. ૨૦૦૭ એસ.સી. ૩૦૬૪ નાં ચુકાદામાં ઠરાવેલ છે કે, '' Though detailed examination of the evidance and elaborate documatation of the merits of the case is to be avoided by the court while passing orders on the bail applications yet, a court dealing with the bail application should be satisfied as to whether there is prima facie case, but exhaustive exploration of the merits of the case is not necessary. '' કેસ પેપર્સ વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપીએ સદરહું ગુનામાં એકટીવ રોલ ભજવેલ હોવાનું તપાસ દરમ્યાન જણાય આવેલ છે. તપાસ હાલ ચાલુ છે. પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. સદર કામે આરોપી તરફે વિ.વકિલશ્રીએ ઉપરોકત પેરા નં.ર માં જણાવ્યા મુજબનાં ચુકાદા પર આધાર રાખેલ છે. જે માનસહ વંચાણે લીધેલ છે. પરંતુ હાલનાં તબકકે સદર ચુકાદો

આરોપીને મદદરૂપ થઈ શકે નહી તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટે સતેન્દ્રકુમાર અંતીલ વિરુધ્ધ સી.બી.આઈ.નાં ચુકાદામા પણ ઠરાવેલ છે કે,

> 66.What is left for us now to discuss are the economic offences. The question for consideration is whether it should be treated as a class of its own or otherwise. This issue has already been dealt with by this Court in the case of P. Chidambaram v. Directorate of Enforcement, (2020) 13 SCC 791 : (AIR 2020 SC 1699), after taking note of the earlier decisions governing the field. The gravity of the offence, the object of the Special Act, and the attending circumstances are a few of the factors to be taken note of, along with the period of sentence. After all, an economic offence cannot be classified as such, as it may involve various activities and may differ from one case to another. Therefore, it is not advisable on the part of the court to categorise all the offences into one group and deny bail on that basis. Suffice it to state that law, as laid down in the following judgements, will govern the field:- PrecedentsP. Chidambaram v. Directorate of Enforcement, (2020) 13 SCC 791 : (AIR 2020 SC 1699):SC3440

> 23. Thus, from cumulative perusal of the judgments cited on either side including the one rendered by the Constitution Bench of this Court, it could be deduced that the basic jurisprudence relating to bail remains the same inasmuch as the grant of bail is the rule and refusal is the exception so as to ensure that the accused has the opportunity of securing fair trial. **However, while considering the same the gravity of the offence is an aspect which is required to be kept in view by the Court. The gravity for the said purpose will have to be gathered from the facts and circumstances arising in each case. Keeping in view the consequences that would befall on the society in cases of financial irregularities, it has been held that even economic offences would fall under the category of "grave offence" and in such circumstance while considering the application for bail in such matters, the Court will have to deal with the same, being sensitive to the nature of allegation made against the accused. One of the circumstances to consider the gravity of the offence is also the term of sentence that is prescribed for the offence the accused is alleged to have committed.** Such consideration with regard to the gravity of offence is a factor which is in addition to the triple test or the tripod test that would be normally applied. In that regard what is also to be kept in perspective is that even if the allegation is one of grave economic offence, it is not a rule that bail should be denied in every case since there is no such bar created in the relevant enactment passed by the legislature nor does the bail jurisprudence provide so. Therefore, the underlining conclusion is that irrespective of the nature and gravity of charge, the precedent of another case alone will not be the basis for either grant or refusal of bail though it may have a bearing on principle. But ultimately the consideration will have to be on case-to-case basis on the facts involved therein and securing the presence of the accused to stand trial.Sanjay Chandra v. CBI (2012) 1 SCC 40 : (AIR 2012 SC 830):"39. Coming back to the facts of the present case, both the courts have refused the request for grant of bail on two grounds: the primary ground is that the offence alleged against the accused persons is very serious involving deep-rooted planning in which, huge financial loss is caused to the State exchequer; the secondary ground is that of the possibility of the accused persons tampering with the witnesses. In the present case, the charge is that of cheating and dishonestly inducing delivery of property and forgery for the purpose of cheating using as genuine a forged document. The punishment for the offence is imprisonment for a term which may extend to seven years. It is, no doubt, true that the nature of the charge may be relevant, but at the same time, the punishment to which the party may be liable, if convicted, also bears upon the issue.

Therefore, in determining whether to grant bail, both the seriousness of the charge and the severity of the punishment should be taken into consideration.

(૫) આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા તેમજ વિગતવારની ચર્ચાનાં અંતે અત્રેની અદાલતને જે બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૦ મુજબની જે વિવેકબુધ્ધીની સત્તાઓ મળેલ છે, તે અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવતું ન હોય ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

– આ કામનાં અરજદાર/ આરોપીની હાલની જામીન અરજી **<u>ના–મંજુર</u>** કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૫/૧૦/૨૦૨૪
અમદાવાદ.

(મનીષ વી. ચૌહાણ)
૨૩માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ સીટી
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫